પ્રેમ-કલા

આવૃત્તિ ચોથી.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

મુંબઇ ગુજરાતી નાટક મંડળી.

મુંબઇ:

રાઇઝીંગ સ્ટાર પ્રીંટીંગ પ્રેસના માલેક,

અલીભાઇ દાઉદખાન.

અબ્દુલકાદર ઇબ્રાહીમની કંપનીએ છાપી.

ઇસ્વી સન ૧૯૦૩—વિક્રમાર્ક સંવત ૧૯૬૦

કીમત રૂ. ૦-૨-૦

નાટકનાં પાત્રો.

પુરૂષ વર્ગ.

ગોહિલરાજ—ચીતોડનો રાજા.
પ્રેમરાય—તેનો કુંવર.
સરદારજંગ—ગોહિલનો સેનાપતિ.
માનુભા—પ્રેમરાયનો મીત્ર ગોહિલના મયત પ્રધાનનો પુત્ર.
શેખઅમીર—ચીતોડનો એક વેપારી.—સોદાગર
હમીરસિંહ—ગોહિલના જુના નાયબ પ્રધાનનો પુત્ર, સરદારજંગનો સલાહકાર, મિત્ર.
કેપ્ટનબોઇડ—અજમેરનો પોલીટીકલ.
અજલમ—સરદારજંગનો એક નીચ મસલતીઓ.
બાપુસાહેબ—સરદારજંગનો પુત્ર.
વીદુષક—સરદારજંગની દરબારનો મસ્કરો.
ભામો—હમીરનો નોકર.
શીતલ—રાજગોર.

દરબારીઓ, પ્રતિહાર, બ્રાહ્મણો, સિપાઇઓ, વગેરે વગેરે.

સ્ત્રી વર્ગ.

લક્ષ્મીબાઇ—ગોહિલની રાણી.
કલાવતી—માનુભાની બ્હેન, પાછળથી પ્રેમરાયની રાણી.
રંભા—હમીરસિંહની પુત્રી, પાછળથી માનુભાની સ્ત્રી.
નૂરજહાં—શેખઅમારની ઓરત.
ગંગા
નાની } વિદુષકની છોકરીઓ.

દાસીઓ, વારાંગનાઓ, વગેરે વગેરે.

પ્રેમ-કલા નાટકનો ટુંક સાર.

પુર્વ વૃત્તાંત.

ચિતોડના રાજા ગોહિલરાજના એક મયત સરદારની પુત્રી કલાવતીનું તેના ભાઇ માનુ વિના કોઇ વારસ ન હોવાથી તેને રાણી લક્ષ્મીબાઇએ પોતાની પાસે રાખી-ઉછેરી મોટી કરી હતી-નિરંતરના પરિચયથી સાથે ઉછરેલ કલાવતી; કુમાર પ્રેમરાયના પ્રેમપાશમાં પડેલી હતી; આ બંને પ્રેમી જોડાંની પ્રીતિની રાણીને ખબર થતાં તે બંનેને લગ્નની પવિત્ર ગાંઠથી જોડવાને રાણીએ હા પણ પાડી હતી; બીજી બાજુ કલાવતીના સ્વરૂપથી લોભાઇ મયત પ્રધાનનો પુત્ર તથા સેનાપતિ સરદારજંગનો દોસ્ત હમીર-કલાવતીના હાથની માંગણી કરવાને ઉત્સુક હતો. પણ વિધાતાના લેખથી તેમાં તે નાસીપાસ થઇ કુમારના હાથે ઘાયલ થયો. આ વેરથી ક્રોધાગ્નિમાં બળતો હમીર રાજ્ય લોભી સરદારજંગ સાથે મળી અનેક ખટપટો કરી ગોહિલવંશનો નાશ કરવાને તત્પર થયો-જેને રાજ્યના વફાદાર શેખ અમીર નુરજહાં માનુ-રંભા વગેરેએ અનેક સંકટો વેઠી નાશ થયેલ ગોહિલવંશનો પુનરોદ્ધાર કર્યો.

નાટકની શરૂઆત.

નાન્દી-સુત્રધાર તથા નટી-વિદુષકની નાટક સંબંધી વાતચીત.

અંક ૧ લો.

પ્રવેશ ૧ લો-મહાદેવના મંદિરમાં પ્રધાનપુત્રી કલાવતી ઉપર હમીર સિંહ બળાત્કાર કરવા જાય છે, ત્યાં કુમારશ્રી પ્રેમરાય હમીરને ઘાયલ કરી કલાવતીને બચાવે છે. હમીરને

કેદમાં પુરવાનો હુકમ કરે છે, પાછળથી હમીરની પુત્રી રંભા માનુભાને કરગરી પિતાને છોડાવે છે, માનુની પ્રીતિ રંભા ઊપર ચોંટે છે.

પ્રવેશ ૨ જો–સેનાપતિ સરદારજંગ રાજલોભથી સૈન્યના માટે લીધેલાં નાણાં હજમ કરી પગાર નહીં મળે એવી અફવા ઉડાડી લશ્કર પાસે બળવો કરવાની વેતરણ કરે છે, એ વાતની પ્રેમરાયને જાણ થતાં આપેલાં નાણાંનો હિસાબ માગતાં સરદારજંગ તથા પ્રેમરાય વચ્ચે તકરાર થાય છે,

પ્રવેશ ૩ જો–કચેરી–પોતાને માથે મુકાયલો અપરાધ સરદારજંગ યુક્તિથી ઉડાવી દેઇ ભોળા ગોહિલરાજને ભમાવે છે, અને પોતાને ત્યાં જલસામાં આવવાનું આમંત્રણ કરે છે.

પ્રવેશ ૪ થો-સરદારજંગ તથા તેનો નીચ મિત્ર હમીર કુમારને કેદ કરવાની તથા જલસામાં રાજાને મારી નાંખવાની ગોઠવણ કરે છે, આ બંનેનું તરકટ હમીરની પુત્રી રંભા સાંભળે છે-તે ખબર પોતાના નોકર ભીમા સાથે ચીઠ્ઠી મારફતે પોતાના માની લીધેલા ભરથાર માનુને મોકલે છે–પરંતુ ભીમાનો ભરોંસો ન પડતાં પોતેજ માનુભાને મળવા જાય છે.

પ્રવેશ ૫ મો–કુમાર પ્રેમરાય પોતાનો ખાનગી બગીચાવાલો મહોલ સોદાગર શેખ અમીરને ત્યાં ગીરવી મૂકી પૈસા લઇને સૈન્યને પગાર ચુકવી આપવા માનુભાને મોકલે છે– મધુરી કલા સાથે જરા વિનેદમાં પડે છે ત્યાં સરદારજંગ આવી તેને કેદ કરી લઇ જાય છે.

પ્રવેશ ૬ ઠ્ઠો-રંભા–માનુને મળી સર્વે વાત જણાવે છે, તે જાણતાં તથા બગીચામાંથી પ્રેમરાય કેદ પકડાયા પછી મુર્છીત થયેલ કલાવતીને માળી મહેલમાં લાવે છે. તે જોતાં માનુભા બળી ઉઠે છે, અને સરદારજંગને ત્યાં જલસા માં ગયેલા ગોહીલરાજને ચેતાવા દોડે છે.

પ્રવેશ ૭ મો-સરદારજંગના તરકટોની તેના પુત્ર બાપુસાહેબને ખબર થતાં તે શીખામણ આપે છે, બંને બાપ-દીકરા વચ્ચે તકરાર થાય છે, જેથી બાપુસાહેબ શેહેર છોડી ચાલ્યો જાય છે.

પ્રવેશ ૮ મો-જલસો-ભીમો અંતે નાચની બેઠકમાં જાય છે. પણ મૂર્ખાઇથી જાહેર પડી જતાં-ચીઠ્ઠીનો ભેદ ખુલે છે, આથી હમીર ઘણોજ ગુસ્સે થાય છે થોડા વખતમાં માનુ દોડતો આવે છે. પણ તેજ વખતે નાચનારીઓના ખુની ખંજરનો રાજા ભોગ થઈ પડે છે-ભર દરબારમાં ગોહિલરાજનું ખુન થાય છે.

પ્રવેશ ૯ મો-સરદારજંગના હુકમથી સાહુકાર શેખ અમીરને કેદ કરી તેનું ઘર લુંટી લે છે; પોતાનો ખાવીંદ કેદ થતાં નુરજહાં ગોહિલરાજ તરફ નીમકહલાલથી નીવડી ફકીર બની ચાલી જાય છે.

પ્રવેશ ૧૦મો-રાજાના ખુનની ખબર રાણી લક્ષ્મીબાઇને થતાં વિલાપ કરે છે-રાણી, કલાવતી, માનુ વગેરેને પકડવા સરદારજંગ અંતપુરમાં ચહડી આવતાં તેઓ સર્વે એક ભોંયરા વાટે ન્હાસી જાય છે.

અંક ૨ જો.

પ્રવેશ ૧ લો-રાજાને મારી નાંખ્યા પછી નીરંકુશ થયેલ સરદારજંગ, ગોહિલરાજની ગાદી પચાવી પાડી રાજા થઇ બેસે છે; પરંતુ પોતાની સાથે તકરાર કરી અજમેર અંગ્રેજો પાસે ચાલ્યા ગયેલા પોતાના પુત્રના વિયોગથી તેને ખેદ થાય છે, રાજુ નામના એક માણસને બાપુને સમજાવવા મોકલે છે. બાદ ન્હાસી ગયેલાં રાણી-માનુ વગેરેને પકડવા હમીરને હુકમ કરે છે.

પ્રવેશ ૨ જો-સરદારજંગના જુલમથી ન્હાસી છુટેલાં રાણી-કલાવતી રંભા—માનુ જંગલમાં આથડે છે. તેમને રાજ્યનો વફાદાર નોકર શીતળ મળે છે, કુમારની કાંઇપણ ભાળ ન મળવાની ખબર આપે છે. ત્યાં ભીમો આવી મળે છે. અને પ્રેમરાયને ખોળી આપવાનું જણાવે છે-માનુ પણ જાય છે. રાણી વગેરેની ખોળમાં નીકળેલો હમીર રંભાને જોઈ લુચ્ચાઇથી તેના પાસેથી રાણી વગેરેની સંતાવવાની જગ્યા જાણી લઇ રંભાને કેદ કરે છે;

પ્રવેશ ૩ જો-ઘર વિનાની થઇ પડેલી નુરજહાં ઓચિંતી કાલકાના પહાડમાં આવતાં રાણી-કલાને મળે છે, પણ તેજ વખતે હમીરને આવતો જોઇ તેઓને ભયથી ચેતાવી ન્હાસવા કહે છે, પરંતુ રાણી ન્હાસી છુટે છે, અને નુરજહાં તથા કલાવતી-શીતળ વગેરે કેદ પકડાય છે.

પ્રવેશ ૪ થો. કેદ પકડાયલાંમાંથી કલાવતીને હમીર પોતાને ઘેર છુપાવી રાખી બાકીનાને સરદારજંગને સ્વાધીન કરેછે, ફકીરના વેશમાં કેદ પકડાયલી નુરજહાં તથા સરદાર જંગ વચ્ચે તકરાર થાય છે, પરંતુ ફકીરના વેશમાં શેખઅમીરની ઓરત નુરજહાં છે એમ જાણતાં સરદાર-જંગ વધારે ગુસ્સે થઇ તેને કેદ કરે છે,

પ્રવેશ ૫ મો-કેદખાનામાં કુમાર પ્રેમરાય-શેખ અમીર-નુરજહાં વગેરે પર સરદાર જંગ જુલમ ગુજારે છે.

પ્રવેશ ૬ ઠો-કુમારની શોધમાં નીકળેલો ભીમો પોતાના મિત્ર વિદુ-પકને ત્યાં આવે છે, સાથે છુપી રીતે માનુ પણ આવેછે, સર્વાનુમતે કુમાર વગેરેને છોડાવવા ગંગા નાયકાના વેશમાં તથા ભીમો-માનુ બજવૈયાના વેશમાં હમીરને ત્યાં જાય છે.

પ્રવેશ ૭ મો-રંભાને માનુભા સાથે સંબંધ રાખવાને હમીર મનાઇ કરે છે પણ તે માનતી નથી; તેને કેદ કરી

ચાલ્યો જાય છે, આ લાગ જોઇ કેદ થયેલ કલાવતી રંભાને છોડાવી બંને અજમેરમાં અંગ્રેજોનો આશ્રય લેવા જાયછે.

પ્રવેશ ૮ મો–રાજ્યની સરહદપર રાખેલા રાજુ મારફત અંગ્રેજોની હીલચાલની કંઇ ખબર કહેવાને બાપુસાહેબ રાજુની ઝુંપડીએ આવે છે, ત્યાં નાઠેલાં–રસ્તાથી અજાણ કલાવતી તથા રંભા પણ આવી પહોંચે છે, બાપુસાહેબની નિંદ્રાનો લાભ લઇ લૂટારો રાજુ આ બંને બાળાઓને લૂટવાનો યત્ન કરે છે, પણ બાપુસાહેબ ધાંધલથી જાગ્રત થઇ બચાવે છે. અને તેમની ઇચ્છાનુસાર અજમેર લઇ જાય છે.

પ્રવેશ ૯ મો–મુજરો કરવા આવેલ ગંગાના લાવણ્યની લ્હેમાં ભાન ભૂલી હમીર પોતાના પાસવાનો ને કંઇ બહાને દૂર કરે છે, એટલે ગંગા–ભીમો તથા માનુ ત્રણે મળી હમીરને કેદ કરી, કુમાર વગેરેને છોડાવી લઇ જાય છે; હમીર છુટો થતાં સર્વને બાળી નાંખવા મહેલને આગ સળગાવે છે. પરંતુ સારા નશીબે કુમાર વગેરે સહી સલામત નીકળી અજમેરની છાવણીમાં જાય છે.

—:—

અંક ૩ જો.

પ્રવેશ ૧ લો.–નાઠેલા કેદીઓને પકડવાને હમીરસિંહ–અજલમ નામના એક નોકર સાથે જંગલમાં ફરે છે, તેની નજરે રંભા–કલા તથા બાપુસાહેબ પડતાં હમીરના શીખવ્યું મુજબ બાપુસાહેબને માનું ગણી તેને ઠાર મારવા જાય છે. આ કરપીણ કામની ખબર પતિ વિરહે જંગલમાં પુરૂષ વેષે ફરતી નુરજહાંને થતાં અજલમના કારી જખમમથી બાપુને બચાવે છે. તે ઉપકારના બદલામાં બાપુ સાહેબ પોતાના નામનો રૂમાલ નુરજહાંને આપે છે,

બાપુનું નામ, સાંભળી નુરજહાં, રંભા-કલાને દુશ્મનના હાથમાંથી છોડવવા તેમની પાછળ જાય છે, નાસીપાસ થયેલ હમીર અજમેર જાય છે.

પ્રવેશ ૨ જો.–કેપ્ટન બોઇડના બંગલામાં બોલપારટી—નાસીપાસ થયેલ કલા તથા રંભા સરદારજંગના જુલમથી ત્રાસ પામી અંગ્રેજોની મદદ લેવા અજમેરની છાવણીમાં આવે છે, ત્યાં નુરજહાં–કલાવતી–રંભા વગેરેની ઓળખાણ થાય છે. હમીર કોઇ ખૂબીથી બોલમાં દાખલ થયેલ તે આ સર્વને ભેગાં મલેલાં જોઇ બીજું તરકટ રચવાની વેતરણ કરે છે.

પ્રવેશ ૩ જો–હમીરને-અજમેરથી પાછો ફરતાં જંગલમાં રાણી લક્ષ્મીબાઇ મળે છે તેને ઊંધું ચતું સમજાવી, પ્રેમરાય મેળવી આપવાની લાલચ આપી, સરદારજંગ પાસે પકડી જાય છે,

પ્રવેશ ૪ થો.–શિકારે નીકળેલા સરદારજંગ પાસે હમીરસીંહ રાણીને લઇને હાજર થાય છે. પણ પોતાના દુશ્મન પ્રેમરાયને કેદખાનામાંથી નહાસી ગયેલો જોઇ તેને પકડી લાવવા હમીરને મોકલી રાણીને કેદ કરે છે.

પ્રવેશ ૫ મો.—કેપ્ટન બોઇડના બંગલામાં બોલપારટી થયા પછી રંભા તથા નુરજહાં; પ્રેમરાય તથા; કલાવતીનો ભેટો કરાવી આપે છે. ત્યાં ચોકીદારોની નજર ચુકાવી સીપાઇઓ સાથે હમીર દાખલ થાયછે અને પ્રેમરાયને કેદ કરી લઇ જાયછે, ગડબડ સાંભળી કેપ્ટન, નુરજહાં; રંભા, સિપાઇઓ સાથે ધસીં આવે છે; પ્રેમરાય ન મળતાં રંભાની સુચના મુજબ લશ્કર સાથે સર્વે ચિતોડ ઉપડી જાય છે.

પ્રવેશ ૬ ઠો.—વિદુષકની પુત્રી ગંગા ઉપર મોહિત થયેલ બીમાને ગંગા તથા નાનુ બનાવી કાળું મોઢું કરી—ફજેત કરી કહાડી મૂકે છે.

પ્રવેશ ૭ મો.—દરબાર—પોતાના કટા શત્રુ પ્રેમરાયને હમીરસિંહ; સરદારજંગ આગળ રજુ કરે છે; પોતાના પુત્ર બાપુ સાહેબને મારી નાંખવાની હમીરની સલાહ અજમલ પાસેથી સાંભળેલી તેથી ગુસ્સે થઇ. છળ—કપટ કરી અનેક કાળાં કરનાર હમીરને ઇનામ આપે છે— હમીરને ઠાર મારે છે. રાજ્ય લોભી સરદારજંગ પોતાના દુશ્મન પ્રેમરાયને મારી નાંખી ઉગતો કાંટો કાપવા જાય છે. પરંતુ અજમેરથી લશ્કર સાથે નીકળેલ કેપ્ટનબોઇડ નુરજહાં તથા રંભા એકાએક આવી પહોંચી સરદારજંગને ઠાર મારી પ્રેમરાયને બચાવે છે, બાપુસાહેબ બાપનું મોત જોઈ સામો ;થાગ છે. પણ નુરજહાંને આપેલ રૂમાલ તેને અટકાવે ,છે. વચનથી બંધાયેલો ભલો બાપુ સાહેબ લાચાર થઇ સર્વ જોયા કરે છે— કેપ્ટન બોઇડ તથા રાજ્ય રક્ષક નુરજહાંના હાથે ગોહિલવંશનો પુનરોદ્ધાર થાય છે, પ્રેમરાયને રાજ્યતિલક થાય છે; રાજ્યમાતાના હાથે પ્રેમ-કલાનો તથા રંભા-ભાનુનો હસ્ત મેલાપ થાય છે—સર્વત્ર આનંદ વર્તાઇ રહે છે.

સમાસ.

॥ ॐ तत् सत् परमात्मने नमः ॥

પ્રેમ—કલા.

મંગળાચરણ.

૧

નટી } નમુ શીવજીને નેહે ધર મમતા.
બાળક } હર હર, વિઘ્ન, સહુ ભજી. નમું.
ગંગાધારી શીર ધર્યો લલાટે ચંદ્ર આશ્રિતને
સુણુ તું આ દાન અરજી. નમું.

વિદુષક— ૨

લફ્લફ લાપસીના કોળીઆ,
હાં હાં કરી વન્સમોર બોલીઆ. લફ.
રૂમઝુમ ઠુમઠુમ કરી પગ ઠગકો ચલાવ્યો,
વાહ વાહ કરી બસ લ્યો ડોલીઆ. લફ.
પ્રાણુથી પ્યારી વ્હાલી મારી ચુમ્બન મીઠડી દેતી જા,
ટપટપ ટપ તાળીના બ્હાર છોડીઆ,
ગાન સરસ કે તાન ચલાવે ઉંહુ કરી બહાર દોડીઆ લફ.

નટી— ૩

વિશ્વાસે ગયું રાજ ચીતોડનું નૃપ ગોહિલનું ખુન થયું.
લુણુ ચોર સરદારજંગના હાથ મહીં એ તાજ ગયું.
કર્યા કેદ કુમાર પ્રેમરાય રાણી રાને રખડતી કરી,
અન્ય રાજ આશ્રિતો સાથે લેશ દયા નહીં ઉર ધરી.
રંભા નૂરજહાં શેખઅમીર કલાવતી માનુ એક ટેકી થઇ,
સુખદુઃખમાં સંગાથ રહી સ્થાપ્યું રાજ અંગ્રેજ સ્હાય લઇ.

૨૫૮૫

સત્ય તણો જય થયો આખરે પાપી હાથ પછાત પડયા,
જેવી જેની કરણી તેવાં યોગ્ય ઇનામ સહુને મળ્યાં.

૪

સુત્રધાર—ઉભયાપતિને બદલે, નિજ પતિ નિરખી શરમાઇ ચાલી;
પ્રેમથી આકર્ષાતી, પ્રેમ કળાની માધુરી જો વ્હાલી.

અંક ૧ લો.

૫

સખીઓ—ઉભીરે ઉભીરે ક્યાંરે ચાલી આલી?
કલાવતી—છોડ ને છેડો શું?
સખીઓ—જો જો રસીલો તું
મુખ હસતું મલક મલક વળી બને લજ્જાળી—ઉભીરે.
કલાવતી—શું સતાવો?
સખીઓ—લઇ ચાલો
કલાવતી—ના લજાવો સરમાઓ;
સખીઓ—વાહ વાહ વાહ વાહ!!
કલાવતી—જા જા જા.
પ્રેમરાય—પ્રેમઘેલી, રસવેલી અલબેલી પ્રિય મેલી
જા ન વ્હાલી તું. ઉભીરે.

૬

કલાવતી } જય દેવ જય દેવ
સખીઓ } જય શંકર ભોળા પ્રભુ. [૨]
અખિલ વિશ્વ તેં સ્થાપ્યું જય શંકર૦ જય.
આરતિ સહુ મળી ગાઇએ આશિશ તુજ ચાહીએ [પ્રભુ.]
આશ્રિત ચરણ તણાની [૨] રેહેજે તું સ્હાયે—જય દેવ.

સ્નેહે તાત સમરીએ, વિભૂ અમ કર ધરીએ, [પ્રભુ.]
સુધર્મ માર્ગ વિચરીએ [૨] ભવસિન્ધુ તરીએ —જય દેવ.

કલાવતી — ૭

આરાધું અવિનાશ શંભુ સુખદા, આશા પુરી તું કરે;
દે દે સુવરદાન મહાન મહીમા વિશ્વે પિતા તું ધરે.
ઇચ્છી નાથ કુલીન, લીન થઇને, બાળા સ્તુતી આદરે;
દાતા દે સુખ શાન્તિ ભ્રાન્તિ હરી લે, સાહાય તું આખરે

પ્રેમરાય— ૮

પ્રિય મારી સુંદરી,
ઉઠ પ્રાણ સુતી કેમ આજ રોષ ધરી—પ્રિય૦
તન શિથિલ આ શાન્તિ વિસારી,
હાય દશા તારી દુ:ખીયારી,
બોલ બોલ જરી મ્હેર કરી—પ્રિય૦

માનુબા— ૯

મોહિની મધુરી.
શી રમણિની? ચમકતી દમકતી જાણે વીજળી બાળા શરી—મોહિની
રગ રગ જોબન રંગિત ખીલી રહ્યું શું ?
સુંદરી મદભરી મનહરી
હૃદય નજર ઘાવ એ મારી ચાલી ! મીઠી મારી નૂરી —શી.

પ્રેમરાય— ૧૦

વાહરે પ્રભુ સ્હાય ખરે
જગદાધાર કૃપાળ દયાળ તું
જગતે સબળ વિભૂ સ્હાયક તું
પ્રભુજી પ્રભુજી વિઘ્ન દૂર કરે—વાહરે.
તુંજ ધન્ય લીલા ઉગરી અબળા;
દીધો શુભ પ્રસંગ અદ્દભૂત કળા,

તારી તેં પ્યારીને દુષ્ટ નિવારીને બાળ વિચારીને
દીનોદ્ધારક તું દુઃખ હરે—પ્રભુ૦

સરદારજંગ— ૧૧

ચલ ચલ હટ હટ ભુજદીલ નટખટ.
યેહ ઉમંગ યેહ તરંગ હો કમીનોકે સંગ બેદીરંગ હોગા તંગ
યેહે સરમારી હિમ્મત ભારી જારેગા જારેગા જારેગા ઝટપટ—ચલ.

પ્રેમરાય—જા જા હજાર જા ધિક્કાર છે પાપી તને,
જાળ શું બીછાવી હા હા હા ગયો ફાવી,
મદભર અંધ સમજ મન ઝટ.
જા જા તજી કટકટ જા જા હઠ શઠ જાણી ખટપટ—ચલ

વારાંગના— ૧૨

રોકો માંડે ગેલવા મએં કેસે ભરું પનીઆં?
અધર સુધારસ બીન બજાવત,
ગ્વાલ બાલ લીએ સંગ આવત,
કહા ન માનતુ નંદ મેરકા,*
ઘર ઘર માખન ખાત ફીરત
અએસો નીડર બરજોરી રનીઆં—રોકો.

ગોહિલરાજ— ૧૩

નથી મને જરા શંકાય તું કાં ગભરાય નાહક મુંઝાય પ્રાણથી પ્યારા,
તું છો મુજ જીવન હાર છું હું વશ તારા,
આ રાજ કાજ સુખ સાજ તજીને સમાજ ધરી દીલ દાઝ ટેક ધારીને,
વિસરૂં શી રીતે આજ સ્નેહ મારીને
લે વચન વફાદારીનું દઉં હું તુજને છોડ છોડ બાઇ તું વ્હેમ લેટીલે મુજને,
મુજ સેનાપતિ સરદાર, આણીને પ્યાર, ભ્રાંતિ વિસાર શાંતિ, દેનારા—તું છો.

પ્રેમરાય— ૧૪

બચ્ચાજી ઓ અરે તું જો હવે શો રંગ જમાવું છું.
બતાવી જોર ઉતારી તોર કેવી હું ધૂળ ઉડાડું છું
ભાષણુ તારૂ તરકટ વાગ્યું જોઈ બળી હું થાઉં ખાખ
બસબસ મારૂં અંતર ખાર બાળી તુજને કરશે રાખ-બચ્ચાજી

રંભા— ૧૫

કુમતિ સુધારો મનને મારો કુળને વિચારો બાપુ જરા.
કલંક ધરો શું થઇ નરવર ઘાતકી,
પર નારી બાળ મારી દો વિસારી આ—કુમતિ.
બહુ વગોવાશો ગાળો ખાશો પસ્તાશો ફુડધુત બહુ થાશો.
સમજો સમજો કિર્તી આ કુબાડી.
પાપ ભરો દુઃખ વરો દો વિસારી આ.—કુમતિ

કલાવતી – ૧૬

અકળ લીલા હરી કેરી ન્યારી શી છવાઇરે
બલિહારી બલિહારી બલિહારીરે—અકળ.
વાડાં ખીલી ભેટી* ભાવે સખી વસંતથી મલકાઇ;
જગ સ્થળ નગ નભની માંહે ફેલાઇ રહી નવાઇ—ન્યારી.

કલાવતી— ૧૭

ભ્રમરીઆ ભ્રમરીઆ ભ્રમરીઆ ભ્રમરીઆ
ઉઠ ગમાર ધારી પ્યાર, વાર વાર કરૂં પુકાર,
આવ પ્રાણુ સંગ માણુ પ્રેમ લ્હાણુ લે સુજાણુ.—ભ્રમરીઆ.
કમળ ખીલ્યું ન આવ, મૂર્ખ શું આવ્યો અભાવ,
ચૂમી પીલે રસ રંગ,
તરસાવે, ટવળાવે, કરમાવે, શું ના'વે રસ ભાવે,
ખીલાવે રંગ-ભ્રમરીઆ.

૧૮

પ્રેમરાય—અતુલ શૃંગાર છો;
કલાવતી—વાહરે વાહરે;
હૈયાતણા હાર છો.
પ્રેમરાય--વાહરે વાહરે
સંસાર સુખ છો વ્હાલી મારૂં પ્ર
કલાવતી—તું મુજ જીવન આધાર છો.
પ્રેમરાય—વાહરે વાહરે—હૈયા૦-અતુલ૦
પ્રાણુ છબી શું ચીતરી.
કલાવતી—વારૂં તન મન ધન.
પ્રેમરાય—ભાગ્યોદય મારો થયો;
કલાવતી—મળ્યું અમૂલ્ય રતન;
જન્મ સાર્થક મારૂં સર્વે પીયુ તું.
પ્રેમરાય—જડાઇ આ હૃદય મોઝાર છો.
કલાવતી—વાહરે વાહરે. અતુલ૦

ભીમા— ૧૯

હું તો લટક મટકથી ચાલીશ કરતી હજારો નખરા નાજ.
આંખ મારૂં સહુ રીઝાવું જુએ મારી સામું.
નામ રસીલી છબીલી પડશે રંગીલા ભીમાનું—હું તો૦
ઘુંઘટવાળી લટકાં કરતી નરમ પગલાં ભરતી
ઘરવાળી મુજ બાઝી પડશે, વારી વારી કરતી—હું તો

બાપુસાહેબ— ૨૦

દુર હો અમે દીલ યારોંસે
પીદરસે કુલ ગમ પ્યારોંસે;
શેહેરકો હમે સલામ અપના,
યેહ ઘરકો હમે સલામ અપના,
આગે જહાંસે ગુમ હુઇ બુએ વફા સારી,
ગુલોંસે બુલબુલ હાએ કરે(૨) જંગોજંદલ જારી—દુર૦

બારેઅનાઓ— ૨૧

રામારે મએ તાં પનીઆંકા ગઇ બડી દુર.
પનીઆંકા ગઇ બડી દુર—રામારે.
અબઘટ ઘાટ હએ ઘટ સર ભારીરે,
સાંજ પડે ઘર દુર—રામારે.

શીતલ— ૨૨

રંગ જમાતું મોજ ઉડાવું વાહવાહ વાહરે
બંદા ગવૈયા લાડુ ખવૈયા શુરા લડવૈયા બહાદુર ભૈયા—રંગ.
અજલમ—હટ હટ પાજી,
શીતલ—છોડ પતરાજી.
અજલમ—ચુપ ચુપ ચુપ
શીતલ—ગીડીનગ તક થઈ ગીડીનગ તક થઇ.
અજલમ—હું હું હું રે.
શીતલ—વાહ વાહ વાહરે—રંગ.

શેખઅમીર— ૨૩

ગજબ બના હાયરે
ઉડગઇ જાન નગરકે જીસ્મે કયુંકર જીના ભાયરે—ગજબ.
અમન ચએન સુખ બીખરા ઘરઘર જીગરકી આહસે બંદે નજર કર
જગત કસોટીહએ જાન નજર ધર, કયા સુખી બરતર, કયા દુઃખી કમતર
પલક મારે ફના જાયરે—ગજબ.

નુરજહાં— ૨૪

મુજી હટ, ના લોપટ અએસી બતીયાં ન બક
બેસમજ બેધડક છોડ યેહ જુલ્મ ઝટ—મુજી
કા—જા—રી—કા
ખાલી હએ ઘર મુજી કુછ ચાકર મુંજી
ખાલી કસે ડર મુજી સુના બીખર મુજી

ધુત્કાર ધુત્કાર પાવે નીસદીન પલછીન
દુર હટ હટ દેખી યેહ ખટપટ ચુપ-મુછ.

લક્ષ્મીબાઇ— ૨૫

પ્રાણુથી પ્યારા ચક્ષુતારા! બાળા મારા હાય કયાં ગયો?
નયન ફરકી મને અશુભ સૂચવે, હાય ખ્વારી કીધી મારી ક્રુર
તું થયો-પ્રા૦
ટળવળતી આ દુઃખી માના હાય તેં કરી વિધાતા;
દુઃખના ભારા, અગ્નિ અંગારા નાંખી ધારા—હાય.

અંક ૨ જો.

વારાંગનાએં— ૨૬

યેહ કીરકી જુલ્ફકી નાગનને અએ દીલ માર ડાલા હુએ
કે કોસોં તક મેરી તુરબતપે ફુએલા કોડીવાલા હુએ.
જા બખદા ઘર આપને તું કયા જાને સાર,
આશક ચંગે કીન કીયે બીન દેખે દીલદાર;
ગલા તલવારપર આંખોમેં આંસુ લબપે નાલા હુએ,
હવાસ અપને નહિં હુએ જબસે હોશ ઉસ્ને સંભાલા હુએ-યેહ
હમ દેખેં જગ જ્નત હુએ જગ દેખે હમજાત,
યેહી જગતકી રીત હુએ એક આવત એક જાત,
કભી તો હંસકે દો બાતેં અમાનતસે કરો સાહેબ,
કહાંકા તુમને યેહ વકતકા ગુસ્સા નિકાલા હુએ-યેહ.

વારાંગનાએં— ૨૭

પ્યારી પ્યારી સોહે ગુલકારી;
ગુલકારી બદખ્વારી યેહ ખુમારી સરદારી—પ્યારી૦

પુલે હુએ સબ ગુલ શાદ હુએ બુલબુલ;
છાઇ હુએ બાદે બહારી રે—પ્યારી૦
હુએ ન્યારી ન્યારી રંગત સારી,
પ્યારી હમારી તુમ્હારી રે—પ્યારી૦

વારાંગનાએ—

૨૮

હયે સરવર બરતર તું.
સરસ સરસ સબ રાજનમેં અફસરતું—હએ૦
હુએ શાહ આલા સબસે બાલા
તોરી દોહાઈ રહેગી સવાઇ જબ જગ છવાઈ;
રહે તન મન ધનસે બહેતર તું,
હુએ શાહ પ્યારા, સબસે તુ ન્યારા,
આંખોંકા તારા, અબોર માહપારા, કાયમ રહો કાયમ રહો.

* * * *

મઔલાકી મેહેરસે અમન ચમનસે
તોરા રાજ અમર રહો,
તોરી દયાસે યે તોરી મયાસે યે,
સુખ સભીકો મુબારીક હો, ગરીબ પરવર.
સરવર દુઃખહર સુખકર કર ધર બડકર હુએ તું—હુએ૦

લક્ષ્મીબાઇ—

૨૯

બહુ મુઝાઉં સઝ પડે નહિ કાંઇ હવે હું શું કરું ?
હું ગભરાઉં દાદ પૂછે નહિ કોઇ અરે ધીર કેમ ધરું !
મારો બાળક સંતાડી લીધો, મારા નાથ તણો હાય ઘાત કીધો
મને દેશવટો એણે દીધો—બહુ.
ગત વાત કદી હું વીસારું, નાથ સ્વર્ગે ગયા ચિત્ત ધીર ધારું;
મન બાળ વીના કવળે મારું—બહું૦

૩૦

કલાવતી
રંભા
માઇ

શોક ધરો માં માજીરે તમે શોક ધરો માં માજી,
શોક ધરોમાં માજીરે થાઓ સાવધ છોડી ઉદાસી—મા ધીરધરે
કરમ લખ્યાં મા ના મટેરે કરીએ કોટી ઉપાય

કુકટના કલ્પાંતથી કે ધીર તજે શું થાય—કહોમાધીર૦
અંતર ભડભડ લ્હાય બજે મા, કો થી નવ હોલાય;
ઇશ્વર સમરી યાચીએ ઉગારે તો ઉગરાય—પ્રભુજી ઉગારે

૩૧

શીતલ—હંફાવું ડરાવું હું જો જો તમે મારૂં જોર.
શીતલ શીત ન જાણવો ઉતારૂં એનો તોર.
કેવી કાકી આ છે લકડી, તોડી નાખું એની છકડી
પીખી નાખું એની અકડી, લાવું સઘળાને હું પકડી, બતાવું કે

માનુ—ચુપ તું રે
શીતલ—બતાવું કે
માનુ—ચુપ તું રે
શીતલ—બતાવું કે.
માનુ—ચુપ તું રે—**શીતલ**

૩૨

નુરજહાં—

રબ ઘર સુલતાની સુબહાની સુન આની દીલજાની;
હરહર રંગત દેખો માની ઉસકી રંગત હુએ લાસાની—સુલતાની.
પંખ પંખેરૂ જીન અઓર આદમ દેત સભીકો વોહ દાનાપાની,
માંગ ઉસીસે જો કુછ ચાહે હો જુગ જુગ દીલશાદ આસાની.

૩૩

નુરજહાં—

ના મીટી લાખ તદબીર કી, ખુબી તકદીરકી—ના મીટી.
શઓહર હુવે કએદ મએં ફસ ગઇ યહાં કયાહય તકસીરકો—ખુબી
કઓન સુન યેહ કુરમ કહાની, લાચારોં દીલગીરકી—ખુબી.

૩૪

નુરજહાં—.

કીજે ધ્યાન આન દીલઆજારી શાનકી હુએ ખ્વારી.
માનો કહી શાહ માનો કહા.
સુલતાન જીશાન લાખોં પરેશાન જેરે જમી હો ગયે બેગુમાન
મહેતાબજંગ—ચુપ ઓ નાદાન ધુત બેઇમાન બોલ ન જબાન,
વરના લુંજાન

નુરજાહાં—દીલઆજારી જગમે ખ્વારી લાતી હુએ હરઆન
સરસે ગારાવે સાહ, કરદે જહાં તબાહ, હુએ યેહીનેક રાહ,
હો ન કભી ગુનાહ,
સરદારજંગ—જાજા ઓ નાકારી બાજારી ધુતકારી ચીકની જબાન
કેએસી તેરી સારી યેહ આન બાન—શાન

શેખઅમીર—

૩૫

જીનદાંને અલમમે મીટી તઓકીર હમારી તકદીર હમારી.
સુનતા નહીં કોઇ યાહાં બેપીર હમારી—તકરીર હમારી
ગુમ હો ગયે એક બારગી કુલ અએશ કે સામાં-જીનદાંમે હું હુએરાં
હુએ કઓનસી તકસીર કી તઅજીર હમારી—તસખીર હમારી
અએ ચર્ખ તુજે ગરદીશે દઓરાંકી કસમ હુએ-કરલે જો સીતમ હુએ
છુટે ન કભી સબ્રકી જનજીર હમારી – જાગીર હમારી.

૩૬

નાની—	**વિદુષક**—
લંગર સોનાનાં પે'રૂં.	(ઓ બાપારે.)
લઉં હું સોનેરી સેલું.	(ઓ દાદારે.)
કાં કાં કાં કાં ?	(હા હા હા હા)
ક્યાં ક્યાં ક્યાં ક્યાં ?	(આ આ આ ઓ.)
વાહ વાહ વાહ વાહ !	(જા જા જા જા.)
(નાના હજી પુરૂં સાંભળી તો લ્યો)—	લંગર૦
(હાર મોતી સરો;)	(ના બ્હેન દઇશ પથરે હીરે જડયો.)
(ભલે બનાવો, ભલે ઉડાવો,)	(કાં-અરે નહીંરે નહીંબા)
(ઉં ઉં ઉં ઉં.)	(છાનીરે છાની મારી નાનુડી.)
	(માંગ્યું તે સઘળું હું અપાવીશ.)
(તો તો ઠીક તો તો ઠીક)	(હા હા હા હા)—લંગર૦

ગંગા—

૩૭

નખરેથી નચાવું.
ભીમો—અરે વાહરે વાહ !
ગંગા—લટકેથી લોભાવું.

ભીમો—અરે વાહરે વાહ !
ગંગા—નયનેથી નચાવું.
ભીમો—અરે વાહરે વાહ !
ગંગા—મોહ મંત્રે મનાવું.
ભીમો—અરે વાહરે વાહ !
ગંગા—લટક મટકથી ચટક લગાડું, પ્રેમ રંગ તણી ખટક દસાવું.
ફંદથી ફોકટ ફંદી ફસાવું નપટ ઝપટ ઝપટી પટકાવું.
મારી મોહ બાણુ—ખેંચા લઉં પ્રાણુ—બસ હું નિર્વાણુ.
ભીમો—અરે વાહરે વાહ !!

૩૮

રાજુ—રોમા રોમારે મારી બાપુડી રોમા તું ડાયલી
ઉજવી—મરની પીટયા સાનોરે.
રાજુ—સાનો પીટયો હાનો રે.
ઉજવી—જા કઉં સું કે યાં નો રે.
રાજુ—આ તો તાલ મજાનો રે.
ઉજવી—હાયરે બાપજી
રાજુ—હાય હાય.
ઉજવી—મોઢું તારૂં બાળ મુવા તું મારી હામું જોમાં—રોમા.

૩૯

ગંગા—

બીછડે નાહી મીલે, કએસે ધરૂં મન ધીર—બીછડે
જબસે ગયે મોરી સુદ્ધ હુ ના લીની, નેના પરત મોરે નીર-બીછડે

૪૦

ગંગા—

ગુન ગાઉં સલોને સઇયાંકા,
તન મન નીસારૂં, જીયા જાન વારૂં—ગાઉં.

સાખી

દીલ મેરા જીસ ગુલપે હએ બુલબુલ શીફ્ત શએદા હુવા;
વો ગુલે ખુબી અજબ કાંટોમે હેએ ઉલઝા હુવા,
તનહા જો પાઉં, પીયાકો રીઝાઉં.

હમીરસિંહ—વાહ વાહ વાહ વાહ વાહ !!—સલોને.

સાખી

ગંભા—આહ જીસ ગુલફામકે ખાતીર યહાં ફેરા હુવા;
હએ રકીબે રૂસીયા હોને ઉસે ઘેરા હુવા,
તનહા જો પાઉં, પીયાકો રીઝાઉં,

હમીરસિંહ—વાહ વાહ વાહ વાહ વાહ !!—સલોને.

અંક ૩ જો.

૪૧

નુરજહાં—ખતા કાહે ભૂલે રે નાદાન ? બના કાહે ફુલેરે નાદાન ?
કર લેજો ચાહે પીર પીર ના, વે, પલછીન ગની મત જાન-ખના०

અજલમ— **૪૨**

પેશે સરદાર રવમ, રાજ ઇજહાર કુનમ,
ચું વફાદાર મનમ, મુજી પીન્નાર કુનમ,
હાલા-મી-રફતમ-નીજ દે શાહ.
ઠમ ન કુનમ ગમ ન કુનમ વાર મીકશમ ભારી
ગમે શવમ યકબારી, જર મીલે સઓ સઓ બારી,
હમીરસિંહ દગાબાજ અદયાર હસ્ત, જફાકાર મકકાર ગદ્દાર હસ્ત
મન ઉરઝી જફાકારી રદ મીકુનમ, નમી દાનમ ઇકારે બદ મીકુનમ,,

લક્ષ્મીબાઇ— **૪૩**

ક્યાંરે બેઠો છે હો સંતાઇ બાલુડા મારા—ક્યાં०
વિલપે વનમાં ઘેલી માડી વિખુટી;
આવે દયા નહીં કાંઇ—બાલુડા.
છોડી પિયુ સિધાર્યા તેં પણ છોડી,
રવડું એકલડી પડી આંહીં—બાલુડા०
શીદ જીવાડે પ્રભુ શીદ રીબાવે ?
ઝેર હળાહળ દઇ પાઇ—બાલુડા०

હીરજંગ— ૪૪

ખટપટ ભરીયાં ના કર બતીયાં
ઓ મન કઠન કાહે જરન મરન ચાહે ?
નીડર ન બન તન નજર સંભાળ—ખટપટ૦
તંગ કરત મરદક મોહેકા હરઘાત ઢાત,
નીડર ડીંગ દીખાત જાત શર્મ છોડત.
જગ ભરી રીત દીખા દીની,
અએસે સાજકી રંગતસંગત નીપટ નીખટ પરે ડાલ-ખટપટ૦

૪૫

પ્રેમરાય—હઉં નિવાજી મુજરાજ, ગોહિલનું તખ્ત તાજ,
કલાથી વિશેષ આજ, છે મુજ સુખ સાજ,
ધન ધામ કલાનાં જ, લે લઇ બેટાડતાં જ—હઉં૦
કાઢે ચાળા અમથા જ, કે ધરે છે દુઃખી દાઝ,
તોડે દુઃખ દધી પાજ, કાઢે બહાર મુજ ઝહાજ !
ડોલાં ખાએ મધ્યમાં જ ! હારૂં હામ આવ્યો વાજ !
રાજ છે હિસાબે સાજ, પ્રાણ છે આ કલા કાજ—હઉં૦
રંભા—ગાહ્ના મન ટોલ ગોલ મટા મન બોલ ફોલ
ચટ્ટા ગ્રન ચોર નોર્ડ પ્રોમિસનો બોલ કોલ,
ગડ્ડા ભોલ ચોલ મટ્ટા
પ્રેમરાય—અગડમ બગડમ નહિ કુચ્છ સમજો
નુરબાદાં- નેં ન કરો હજાર, હએ જો તુમ્હે અએસા પ્યાર
ગીજીએ કબોલો કરાર, બચન દો એકબાર,
પ્રેમરાય—એવોં શું વિચાર ધાર ? લે લે લે—હઉં૦

૪૬

પ્રેમરાય—મળી ઘેલા લાડીલી બસ;
કલાવતી—ભાવે ભેટી લઉં હું લપેટી
પ્રેમરાય—પ્રાણ પ્યારી વ્હાલી મારી દુઃખહારી સુખકારી—મળી૦
નેણ હસક આ જો.

કલાવતી—મલકે મુખ મદ ભર આ.
પ્રેમરાય—છોડ છોડ
કલાવતી—વાહ વાહ !!
પ્રેમરાય—છકેલ છણુંકારી—મળી૦

૪૭

કલાવતી—ભર જોબન મતવાલી, ઠમકો જોયો રે' વાદે આલી—૮
રંભા—છકી-છેલ છબીલી નણદી વાહવા ભોળી ભાળી.
કલાવતી—જાદુ મંત્રે મુજ વીર વશ કીધો, ધુતારી ઘેલી કાલી-ઠમકે
રંભા—લુચ્ચાના સરદાર ભાઇ તમ, કરો છેડ આ ઠાલી.
કલાવતી—બેભાન ભુરકી ભ્રકુટીએ બનાવી, નયનોનાં બાણુ ઢાળી-ઠમકે

૪૮

ગંગા—તું રંગીલો છેલ છબીલો ભીમડા
ભીમો—વાહરે ગંગા વાહ.
ગંગા—છબી તારી મન જ્વાઇ છે.
નાનુ—તેમાં તારી પુરી ભવાઇ છે;
ભીમો—કુરબાન કરૂં હું જાન તું પરે વાહ વાહ !!
આફરીન હું હું જાન તું પરે વાહ વાહ !!—તું૦

વારાંગના— ૪૯

ગાઓ અજર અમર બલિહારી,
લટકે મટકે આવો મોતીએ વધાવો સખી વ[illegible] [illegible]ારી-ગા૦
મણિમય આ મંડપ શો શોભે વૈરાગી મનડું [illegible]ાભે
શિરપર ધરશે મેહુલો વરસે, છે આનંદ આજ,
પ્રિય બાળરાજ, પ્રતાપી તાજ, સજે સુખ સાજ,
અરિ મારી હારી—ગાઓ૦

સમાપ્ત.